| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૪/૦૮/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૬૫/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૧૩/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૮ | ૦ | ૧૦૩૫૮ | ૧૬૪૨૮ | ૦ | ૧૬૪૨૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૬ | ૦ | ૪૩૩૬ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૩૪ | ૬ | ૧૪૦૪૦ | ૧૪૬૨૫ | ૧૧ | ૧૪૬૩૬ |
| | કુલ | ૨૮૭૭૨ | ૬ | ૨૮૭૭૮ | ૩૭૧૧૮ | ૧૧ | ૩૭૧૨૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૧ | ૬,૬૭,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૪૮ | ૧,૭૪,000/- |

# <u>ગુમ થયેલ બાળક તેના વાલી-વારસને સોંપ્યા અંગેની વિગત</u>

**<u>દરીયાપુર પોલીસ સ્ટેશન :</u>**

## <u>દરીયાપુર વિસ્તારમાં મળી આવેલ ૧૦ વર્ષનાં બાળકને તેનાં પરિવારના સભ્યો સાથે મિલન કરાવતી દરીયાપુર પોલીસ</u>

પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર ઝોન–૪શ્રી રાજેશ ગઢીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝનશ્રી જે.કે.ઝાલા સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ/અપહરણ બાળકોને શોધવા માટે સ્પેશિયલ ડ્રાઈવ(ઝુંબેશ) અંતર્ગત દરીયાપુર પોલીસ ઇન્સ્પેકટરશ્રી આર.આઈ.જાડેજા તથા સ્ટાફના માણસો ડ્રાઈવ અંગે કામગીરીમાં હોય, તા.૧૨/૦૮/૨૦૨૦ નાં રોજ એક ભાઈ નામે ખલીલખાન સુલતાનખાન પઠાણ ઉ.વ.૭૨ રહેવાસી : ૨૪૫૪/૪ કંકોડીનું ડહેલું પ્રેમ દરવાજા અંદર દરીયાપુર અમદાવાદ શહેર નાઓ અત્રે આવીને અમોને જાણ કરેલ કે " ગઈ તા.૦૬/૦૮/૨૦૨૦ નાં રોજ હું મારા રોજનાં નિયમ પ્રમાણે મારી લારી ઉપર ઉભો હતો તેવામાં સવારનાં આશરે સાડા આઠેક વાગ્યાનાં સુમારે એક અજાણી સ્ત્રી તેનાં એક બાળક કે જે આશરે દશેક વર્ષનો હતો તેની સાથે આવેલ અને આ સ્ત્રી મારી લારીની પાછળ આવીને બેસેલા અને થોડી વારમાં આ બહેન તેનાં છોકરાને મારી લારી પાછળ જ બેસાડી ને બાથરૂમ કરવા જઉં છું તેમ કહીને ગયેલ અને ઘણીવાર થવા છતા તે પરત આવેલ નહીં જેથીં મેં આ છોકરાને પુછેલ કે તારું નામ શું છે તો તેણે પોતાનું નામ મોહંમદ બસીરભાઈ અંસારી ઉ.વ.૧૦ રહે.આઈશાબગર માલેગાંવ મહારાષ્ટ્ર નો હોવાનું જણાવેલ અને પોતાની માતા અસ્થિર મગજની હોવાનું જણાવેલ જે હકિકત આધારે આઈશાનગર માલેગાંવ મહારાષ્ટ્ર ખાતે પોલીસ ઇન્સ્પેકટરશ્રી નો તથા માલેગાંવ ના સ્થાનિક આગેવાનો નો ટેલીફોનીક સંપર્ક કરી સદર છોકરા મોહંમદ નાં અમદાવાદનાં સબંધી નામે મુનીરઅહેમદ અમીરઅહેમદ જાતે અંસારી રહેવાસી : મ.નં.૧૮૧૬૩ મરીયમબીબીની ચાલી રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર તથા <u>હાલ રહે.</u> મ.નં.૩,તુફેલ પાર્ક,દયારામ ફેક્ટરીની બાજુમાં વટવા અમદાવાદ શહેર નાઓનો સંપર્ક કરી પોલીસ સ્ટેશન બોલાવી સદર મળી આવેલ બાળક તેમને સુપ્રત કરી સારી કામગીરી કરેલ છે.



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :

## પ્રોહી.નો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેશ અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબનાઓએ અમદાવાદ શહેરમા પ્રોહીબીશનની પ્રવુતી અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.બી.જાડેજા નાઓ તા- ૧૪/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સાથેના અ.લો.ર.વિશ્વરાજસિંહ હરદેવસિંહ બ.નં.૧૩૬૭ તથા અ.લો.ર.લાલજીભાઇ ચકાભાઇ બ.નં.૧૪૦૯ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે મેમનગર સ્ટર્લીંગ હોસ્પિટલની પાસે શકંબા ટાવર આગળ રોડ ખાતે એક મારૂતી વિટારા બ્રેઝા કાર માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ કંપનીની ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્લાસ્ટીકની બ્લુ કલરની થેલીઓ નંગ-૨૦ જેમાં બોટ્લ નં-૨૩૬ કિ,રૂ,૭૦,૮૦૦/-નો મુદ્દામાલ તથા અંગ ઝડતી માંથી મળી આવેલ એક કાળા કલરનો રીયલમી કંપનીનો એંડોઇડ મોબાઇલ ફોન જેની આશરે કિ,રૂ,૨,૦૦૦/ ગણી તથા એક કાળા કલરનો વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની આશરે કિ,રૂ,૧૫૦૦/-ની ગણી તથા એક સફેદ કલરની મારૂતી વિટારા બ્રેઝા કાર જેનો આર.ટી.ઓ રજી.નંબર જોતા GJ-૦૧-HY-૮૨૨૭ ની કિ.રૂ.૦૪,૫૦,૦૦૦/-ગણી એમ કુલ્લે કિ.રૂ.૫,૨૪,૩૦૦/- ના મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપીઓ:- (૧) કિશન સ/ઓ મુકેશભાઇ બાબુભાઇ પંચાલ ઉ.વ.૨૦ ધંધો-મજુરી રહે.૧૬૦ ભવનપુરા સોસાયટી દુર્ગા સ્કુલની બાજુમાં ચાંદલોડિયા અમદાવાદ શહેર તથા નં.(૨) સચીન સ/ઓ મુકેશભાઇ બાબુભાઇ પંચાલ ઉ.વ.૨૧ ધંધો-મજુરી રહે.૧૬૦ ભવનપુરા સોસાયટી દુર્ગા સ્કુલની બાજુમાં ચાંદલોડિયા અમદાવાદ શહેર તથા નં.(૩) ગોપાલ કાંતીલાલ દંતાણી ઉ.વ.૪૦ ધંધો-મજુરી રહે.જોગણી માતાના મંદિરની બાજુમાં કાચા ઝુપડામાં મેમનગર અમદાવાદ શહેર (૪) વોન્ટેડ- પોલીસ વાળા ભારતસિહ પારસિહ ઝાલૈયા

**કબ્જે કરેલ મુદ્દામાલ :-** અલગ અલગ કંપનીની ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્લાસ્ટીકની બ્લુ કલરની થેલીઓ નંગ-૨૦ જેમાં બોટ્લ નંગ-૨૩૬ કિ,રૂ,૭૦,૮૦૦/-નો મુદ્દામાલ તથા અંગ ઝડતી માંથી મળી આવેલ એક કાળા કલરનો રીયલમી કંપનીનો એંડોઇડ મોબાઇલ ફોન જેની આશરે કિ,રૂ,૨,૦૦૦/ ગણી તથા એક કાળા કલરનો વીવો કંપનીનો મોબાઇલ ફોન જેની આશરે કિ,રૂ,૧૫૦૦/-ની ગણી તથા એક સફેદ કલરની મારૂતી વિટારા બ્રેઝા કાર જેનો આર.ટી.ઓ રજી.નંબર જોતા GJ-01-HY-૮૨૨૭ ની કિ.રૂ.0૪,૫૦,૦૦૦/- ગણી એમ કુલ્લે કિ.રૂ.૫,૨૪,૩૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

**સારી કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:**

પોલીસ ઇન્સપેકટર શ્રી વાય.બી.જાડેજા તથા મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલખાન બ.નં.૭૭૯૬ તથા મ.સ.ઇ. ભારતકુમાર દાનાભાઇ બ.નં.૧૩૪૫૩ તથા અ.હેડ.કોન્સ બાબુભાઇ સરતાનભાઇ બ.નં.૩૦૪૩ તથા અનાર્મ પો.કોન્સ જીતેન્દ્રકુમાર જીવાભાઇ, બ.નં.૮૫૯૨ તથા પો.કો. રાજેશકુમાર કરશનભાઇ બ.નં.૫૭૧૪ તથા પો.કોન્સ યશપાલસિંહ જોરૂભા બ.નં-૫૬૨૭ તથા અ.લો.ર વિશાલકુમાર પુંજાભાઇ બ.નં.૬૦૩૮ તથા અ.લો.ર લાલજીભાઇ ચકાભાઇ બ.નં.૧૪૦૯ તથા અ.લો.ર. વિશ્વરાજસિંહ હરદેવસિંહ બ.નં.૧૩૬૭ તથા લો.ર. જયપાલસિંહ દિલીપસિંહ બ.નં.૧૨૪૪૪ તથા લોકરક્ષક જયવિરસિહ રણજીતસિહ બ.નં-૪૬૬



# તડીપાર આરોપીની અટકાયતની વિગત

**રાણીપ પોલીસ સ્ટેશન :**

## તડીપાર કરેલ ઈસમને પકડી પાડતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી.એલ.ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારીશ્રી ઓની જરૂરી સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાથી તડીપાર કરેલ ઇસમોને આવાર-નવાર ચેક કરી હાજર મળી આવેથી તેઓના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા સારૂં મળેલ સૂચના આધારે અમો પોલીસ ઈન્સ્પેકટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓ તથા અનાર્મ એ.એસ.આઈ મકનાજી લાખમાભાઈ બ.ન ૩૦૪૮ તથા અનાર્મ પો.કો નિતિનભાઈ મગનભાઈ બ.ન ૪૯૫૧ તથા આર્મ પો.કો યોગેન્દ્રસિહ ઘનશ્યામસિહ બ.ન ૧૨૫૧ નાઓ તમામ સાથે "એલ" ડીવીઝન , અમદાવાદ શહેર વિસ્તારમાં ના.રા દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૨/૫૦ વાગ્યે કેશવ નગર ચીમનભાઈ પટેલબ્રિજ નીચે આવતા અમારી ખાનગી રાહે બાતમી હકીકત આધારે તડીપાર ઈસમ પ્રવીણ સ/ઑ છનાજી કાળુજી જાતે ઠાકોર ઉ.વ ૨૮ રહે મદ્રાસીની ચાલી સાબરમતી સેટ્રલજેલ રોડ કેશવનગર સુભાષબ્રિજ અમદાવાદ શહેર નાઓ મે.મ.પો.કમિ.સા.શ્રી "એ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક નંબર "એ" ડિવિઝન/હદપ/૧૦/૨૦૨૦ તારીખ ૧૧/૦૬/૨૦૨૦ ના હદપારી હુકમ આધારે અમદાવાદ શહેર , અમદાવાદ (ગ્રામ્ય), ગાંધીનગર , ખેડા તથા મહેસાણા જિલ્લાઓ માથી તડીપાર હોવા છતાં અત્રે અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતો મળી આવતા તેઓના વિરુધ્ધ ધી જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ  કેશ કરી સારી કામગીરી કરેલ છે.તારીખ ૧૪/૦૮/૨૦૨૦



# પાસા અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## પ્રોહિબિશનની પ્રવુત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી સુરત જેલ મોકલી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી મિથુન ભવાનીશંકર જાતે-યાદવ ઉ.વ.૨૮ રહે,મ.નં બી/૩૪ શાંતિનગર રામનગરની બાજુમાં રંગોલીનગર નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૬૬૪/૨૦૨૦ તા.૧૩/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજ રોજ તા.૧૩/૦૮/૨૦૨૦ કલાક –૨૧/૩૦ વાગ્યે કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૧૩/૦૮/૨૦૨૦

- સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-
- પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.
- પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

## જુદા-જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલકત સબંધી ગુન્હાઓ કરતા આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલકત સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલકત સબંધી ગુનાઓ કરેલ ઇસમ વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ પ્રકાશ ઉર્ફે પંખો બાબુભાઇ ડાહ્યાભાઇ સલાટ ઉ.વ.૨૬ રહે-સ્વામીનારાયણ સોસાયટી સામે, હેર વિસ્તારના કાચા છાપરામા ભુખેર રોડ બાયડ જીલ્લો અરવલ્લી મૂળ વતન-મૂળ ગામ-તાવ જાંબુડી ગામ પાસે, જિલ્લો-ઝાલોર રાજસ્થાન નાને પકડી અટક કરી મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૬૫૭/૨૦૨૦ તા-૧૩/૦૮/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૧૩/૦૮/૨૦૨૦ ના કલાક - ૨૨/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા" હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.તા-૧૩/૦૮/૨૦૨૦

પાસા અટકાયતીનુ નામ- પ્રકાશ ઉર્ફે પંખો બાબુભાઇ ડાહ્યાભાઇ સલાટ ઉ.વ.૨૬ રહે-સ્વામીનારાયણ સોસાયટી સામે, હેર વિસ્તારના કાચા છાપરામા ભુખેર રોડ બાયડ જીલ્લો અરવલ્લી મૂળ વતન-મૂળ ગામ-તાવ જાંબુડી ગામ પાસે, જિલ્લો-ઝાલોર રાજસ્થાન



**વટવા પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે પો.સબ.ઈન્સ. વી.એમ.સાટીયા સાહેબ નાઓએ સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના અલગ અલગ પો.સ્ટે. માં દાખલ થયેલ શરીરસબંધી ગુનાઓ જેમાં (૧) ડીસીબી પો.સ્ટે. પ્રોહી. ગુરનં. ૫૦૦૩/૨૦૧૮ પ્રોહી. કલમ- ૬૫(એ)(ઈ). ૧૧૬(બી). ૮૧. ૯૮(૨) તથા (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-સી- ગુરનં. ૧૧૧૯૧૦૩૮૦૨૦૦૨૪૫/૨૦૨૦ પ્રોહી. કલમ- ૬૫(એ)(ઈ). ૮૧. ૧૧૬(બી). ૯૮(૨) મુજબના ગુનાઓના કામના  આરોપી મો.જુનેદ નિઝામુદ્દીન વોરા ઉવ.૨૩ રહે- મ.નં.૧૬૪૦ સુરતી સોસાયટી પાણીની ટાંકી પાસે સુન્ની ગોસીયા મસ્જીદની બાજુમાં રામોલ અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૬૫૪/૨૦૨૦ તા.૧૧/૦૮/૨૦૨૦ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૩/૦૮/૨૦૨૦ ના કલાક ૧૯/૧૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર – સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**રખિયાલ પોલીસ સ્ટેશન :**

## દારૂબંધીના ગુના સબબ પકડાયેલ આરોપીને પાસા હેઠળ જેલમા ધકેલતી રખિયાલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર ૨ સાહેબ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન ૫ અમદાવાદ શહેર તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ રખિયાલ પો.સ્ટેશન વિસ્તારમા દારુબંધીના ગુના સબબ પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા આરોપી સોહેલ ઉર્ફે સોનુ મોહમદ સલીમ શેખ ઉ.વ.૨૩ રહે.વિશ્વનાથનગર સુંદરમનગરની બાજુમાં બાપુનગર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમા પીસીબી/ડીટીએન/પાસા/૬૬૧/૨૦૨૦ તા-૧૩/૦૮/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમા રહેવાનો હુકમ કરતા સદરી આરોપીને આજરોજ તા-૧૩/૦૮/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા હુકમની બજવણી કરી જરુરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

## વિસ્તારમાંથી જુગાર નો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “ જી ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી **જે.કે.રાઠોડ** સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શ્રાવણ માસ ના પવિત્ર તહેવારોને લઇને તેમજ પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ આજરોજ અમો શ્રાવણ માસના પવિત્ર જન્માષ્ટમી-નોમ (પારણા) ના તહેવાર અનુસંધાને ક.૧૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૭/૩૫ વાગે આદિશ્વર કેનાલ વ્યાસવાડી પાસે આવતા અમોને સાથેના **લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ બ.નં-૧૮૨** નાઓએ ખાનગી બાતમી હકીકત આપેલ કે “ **શિલ્વર રેસીડેન્સી ની સામે આવેલ દિપનગરની ચાલી ખાતે આવેલ મ.નં-૬૦, માં ભરતભાઇ મેરૂભાઇ સોલંકી નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમે રમાડે છે.**” વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ નાયબ પોલીસ કમિશ્નનર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના જુગાર ધારા કલમ-૬ મુજબના વોરંટ નંબર-૨૨૬/૨૦ તા.૦૨/૦૮/૨૦૨૦ ના ઇશ્યુ થયેલ વોરન્ટ આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી જગ્યાએ ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ મકાન ની અંદર રેઇડ કરી છ ઇસમોને જગ્યા ઉપરથી જુગાર રમતા પકડી પાડી **તા.૧૩/૦૮/૨૦૨૦ ના ક.૧૯/૦૫ વાગે અટક કરી જુગાર ધારા કલમ-૪,૫ મુજબની** કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો **ગણનાપાત્ર ક્વોલીટી** કેશ સોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે

**આરોપીઓના નામ:- નં-(૧)ભરતભાઇ સ/ઓ મેરૂભાઇ જાતે સોલંકી ઉ.વ.૨૯ રહે,મ.નં-૬૦,દિપનગરની ચાલી સિલ્વર રેસીડેન્સી ની સામે હરિદર્શન રોડ કૃષ્ણનગર + ૦૫ = ૦૬**

**મુદ્દામાલ- અંગજડતીના નાંણા રૂ.૧૩,૭૫૦/-તથા દાવના નાંણા રૂ.૧,૮૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-તથા મો.ફોન નંગ-૩ કિ.રૂ.૧૫,૦૦૦/-મળી કુલ્લે રોકડ રૂ,૧૬,૫૫૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ ની મળી કુલ્લે કિ.રૂ.૩૧,૫૫૦/-ના મુદ્દામાલ જુગાર રમવાના સાધનો**

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ બ.નં-૧૮૨ તથા લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા સ્ટાફના માણસો

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

## જુગારનો ગણનાપાત્ર કેસ કરતી અમરાઇવાડી પોલીસ

મે.પો.કમિ.શ્રી અ'વાદ શહેર તથા અધીક પો.કમિ. શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સાહેબનાઓ તરફથી પ્રોહી/જુગારની ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિ નેસ્તેનાબુદ કરવા મળેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એન.એલ.દેસાઇ સાહેબ તથા પો.સબ.ઇન્સ.એન.એમ. બારોટ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૨૨/૧૦ વાગે સત્યમનગર ચાર રસ્તા પાસે આવતા સાથેના **એલ.આર.મનિષકુમાર ઇશ્વરલાલ બ.નં. ૧૨૫૭૦ તથા એલ.આર. ભાવેશભાઇ ગેલાભાઇ બ.નં. ૧૧૪૪૮** નાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે અમરાઈવાડી પોસ્ટ ઓફીસ પાસે પોલીસ લાઇન વિભાગ-૨ ની સામે સિધ્ધેશ્વરીનગરના નાકે ખુલ્લી જગ્યામા જાહેરમાં કેટલાક માણસો ગોળ કુંડાળુ વળી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડે છે હાલમા તેઓની જુગાર રમવાની પ્રવુર્તી ચાલુ છે " જે બાતમી હકીકત આધારે સદર જગ્યાએ રેઇડ કરી આરોપીઓ **(૧) ગૌરાંગભાઇ ચંદુભાઇ ચૌહાણ ઉ.વ.૩૨ રહે. મ.નં. એ/૪ તેજેન્દ્ર પોઇન્ટ, પોસ્ટ ઓફીસ ચાર રસ્તા પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર (૨) રીતેશભાઇ ભાનુભાઇ ચૌહાણ ઉ.વ. ૩૦ રહે. મગન કુંભારની નવી ચાલી, નગરીમીલની સામે, ગોમતીપુર અમદાવાદ શહેર (૩) કૈલાશભાઇ ખુમાજી રેગર ઉ.વ.૪૪ રહે. મ.નં. સી/સાઇમ.નં. સાઇબાબા નગર, બરોડા એક્ષપ્રેસ્સ હાઇવેની પાસે, જશોદાનગર જી.આઈ.ડી.સી. વટવા અમદાવાદ શહેર (૪) હાર્દીક રમેશભાઇ સોલંકી ઉ.વ.૨૫ રહે. ૨૬૩ ન્યુ જયભવાનીનગર વિભાગ૨ , પોસ્ટ ઓફીસ ચાર રસ્તા પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર (૫) પ્રતાપકુમાર તોલીરામ રેગર ઉ.વ. ૪૦ રહે. અમુભાઇ રબારીની ચાલી રાધાક્રિષણનગર, હાટકેશ્વર સ્મશાનની પાછળ, ખોખરા અમરાઇવાડી અમદાવાદ શહેર (૬) લાલચંદ ગોરધનજી રેગર ઉ.વ. ૩૮ રહે. અમુભાઇ રબારીની ચાલી રાધાક્રિષણનગર, હાટકેશ્વર સ્મશાનની પાછળ, ખોખરા અમરાઇવાડી અમદાવાદ શહેર (૭) રમેશભાઇ રોડીલાલ રેગર ઉ.વ. ૪૨ રહે. અમુભાઇ રબારીની ચાલી રાધાક્રિષણનગર, હાટકેશ્વર સ્મશાનની પાછળ, ખોખરા અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને ગંજીપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા અંગજડતી તથા દાવના નાંણા ૧૮૨૨૦/- તેમજ મોબાઇલ ફોન નંગ-૬ કિ.રૂ.૨૩૦૦૦/- મળી કુલ્લે રૂ ૪૧૨૨૦/- ના જુગાર મુદ્દામાલ** કબ્જે લઇ જુગારનો ગણનાપાત્ર કેસ કરેલ છે. તા.૧૩/૦૮/૨૦૨૦.

**નરોડા પોલીસ સ્ટેશન :**

## તા.૧૩/૮/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ૭ આરોપી સહીત રૂપીયા-૧૯૭૫૦/- રોકડ રકમ તથા મો.ફોન ૪ કિં ૩૦૫૦/- ગંજીપાના નંગ-પર સાથે જુગારી મહીલાઓને પકડી પાડતી નરોડા પોલીસ

મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૨ સાહેબ તથા ના.પો.કમિ શ્રી ઝોન -૪ સાહેબ તથા મ.પોલીસ કમિ શ્રી જી ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે જી પટેલ સાહેબ નાઓની સુચના મુજબ જુગાર તથા પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારુ પો.સબ,ઇન્સ એસ એમ ઠાકોર તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ માં હોય આ દરમ્યાન નરોડા વિમલ પાર્ક સોસાયટી વિ-૧ માં આવેલ મકાન નં-૨૧ થી ૨૮ ની હરોળ માં છેલ્લા મકાન ના ફળીયા મા બહાર ના ભાગે જાહેર જગ્યામાં આરોપી : (૧) જય રાજેન્દ્રભાઇ પટેલ ઉવ.૨૬ રહે- જે/૧૦૩ દેવરાજ રેસીડેંસી નરોડા, અમદાવાદ શહેર(૨) દેવાંગ કૌશીકભાઇ પટેલ ઉ.વ.૨૭ રહે- બી/૨ વિમલપાર્ક સોસાયટી દહેગામ રોડ નરોડા, અમદાવાદ શહેર(૩) મયુરભાઇ કિરીટભાઈ પટેલ ઉવ.૪૫ રહે- બ.નં.૨૮ વિ.૨ નંદનબાગ બંગલોઝ જી.ઇ.બી. ની સામે નરોડા, અમદાવાદ શહેર. (૪) કિશોરભાઇ શીવાજી બડગુજર ઉ.વ.૪૨ રહે- ડી/૨૬૪ પાશ્વનાથ સોસાયટી વિ.૧૦ શિવમ વિધ્યાલય પાસે કૃષણનગર નરોડા, અમદાવાદ શહેર (૫) ભરતસિહ ચંપકસિહ રાઠોડ ઉ.વ.૪૯ રહે- ૨/૨ વિમલપાર્ક સોસાયટી વિ.૨ નરોડા, અમદાવાદ શહેર. (૬) અનિલ રાજેશભાઇ રાવલ ઉ.વ.૩૦ રહે-સી/૧૧ વિમલપાર્ક સોસાયટી દહેગામ રોડ નરોડા, અમદાવાદ શહેર. (૭) હેમલ મહેશભાઈ પટેલ ઉવ.૩૩ રહે- એ/૫૦૨ નિલકંઠ હાઇટ્સ દહેગામ રોડ નરોડા અમદાવાદ




મુદામાલ :
રોકડ રૂપીયા-૧૯૭૫૦/- તથા મો.ફોન નંગ -૪ કિં રુ-૩૦૫૦/- તથા ગંજીપાના નંગ -પર

કામગીરી કરનાર કર્મચારી:વુ.પો.સબ.ઇન્સ એસ એમ ઠાકોર તથા લોક રક્ષક લાલાભાઇ રયાભાઇ બ.નં-૧૩૨૪ તથા લોકરક્ષક નારણભાઇ રણશીભાઇ બ.નં-૧૧૬૬ તથા લોકરક્ષક દેવેન્દ્રસિંહ ભીખુભા બ.નં-૨૫૧ નોકરી નરોડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

**<u>ખોખરા પોલીસ સ્ટેશન :</u>**

**<u>(૧)</u>**

## <u>ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી  કાયદેસરની કાર્યવાહી કરતો ખોખરા સર્વેલન્સ સ્કવોડ</u>

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ‘આઇ’ ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી.આર.એન.ચુડાસમા તથા ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા અ.હેડ.કોન્સ જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન **<u>પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ</u>** નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે, “સરસ્વતી સ્કુલની બાજુમા આવેલ ખુલ્લાવાડામા કેટલાક ઇસમો ભેગા મળી ગોળકુંડાળુ વળી ગંજીફા પાનાથી હારજીતનો જુગાર પૈસાથી રમી રમાડે છે”. જે બાતમી હકિકત આધારે સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ રેઇડ કરતા ગંજીફા પાનાથી હારજીતનો <u>જુગાર રમતા પાંચ ઇસમોને</u> ત્યાંજ પકડી લીધેલ જેની અંગઝડતી તપાસ કરતા **<u>અંગઝડતી તથા દાવના નાણા મળી રૂ. ૨૭,૯૫૦/-  તથા મોબાઇલ ફોન નંગ-૪ કિ.રૂ.૨૦૦૦૦/- મળી કુલ રૂ. ૪૭,૯૫૦/-નો</u>** જુગારનો કેસ શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે.તા.૧૩/૦૮/૨૦૨૦



## ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાયદેસરની કાર્યવાહી કરતો ખોખરા સર્વેલન્સ સ્કવોડ

મે.નાયબ પોલીસ કમિશ્રનરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી.આર.એન.ચુડાસમા તથા હે.કો. ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા અ.હેડ.કોન્સ જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા પો.કો.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા તથા લો.ર.વિજયસંગ રતનસંગ બ.નં.૧૧૫૮૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા લો.ર.વિજયસંગ રતનસંગ બ.નં.૧૧૫૮૫ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકીકત મળેલ કે, "નેશનલ પાર્ક આગળ ખુલ્લી જગ્યામા જાહેરમાં કેટલાક ઇસમો ગોળકુંડાળુ વળી ગંજીફા પાનાથી હારજીતનો જુગાર પૈસાથી રમી રમાડે છે". જે બાતમી હકિકત આધારે સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ રેઇડ કરતા ગંજીફા પાનાથી હારજીતનો જુગાર રમતા પાંચ ઇસમોને ત્યાંજ પકડી લીધેલ જેની અંગઝડતી તપાસ કરતા અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ રૂ. ૨૫૬૩૦/- નો જુગારનો કેસ શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે. તા.૧૩/૦૮/૨૦૨૦



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૪૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨૨ કેસ કરી ૧૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૮૮,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૬૮/૨૦૨૦

**સેટેલાઇટઃ** પરીન અજીતભાઇ શાહ (ઉ.વ.૫૪) (રહે. સાગર ટાવર સેટેલાઇટ પ્લાઝા સામે પ્રેમચંદનગર રોડ સેટેલાઇટ) એ તા.૧૩/૦૮/૨૦૨૦ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૦ બપોરના ૧૪/૦૦ થી ૧૪/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૯૩૩૦૧૫૯૪૨૪ ના ધારકે પરીન શાહને ફોન કરી પેટીએમ કેવાયસી કરવાનુ જણાવી આધાર કાર્ડ નંબર મેળવી ક્યુ.એસ.નામનુ સોફ્ટવેર ડાઉનલોડ કરાવી તેમાં માહિતી ભરાવી મોબાઇલની ડિટેઇલ મેળવી પરીન શાહના એચ.ડી.એફ.સી.બેંકના ખાતા માંથી રૂપિયા ૧,૪૯,૪૯૨/- અને પરીન શાહના પત્નીના બેન્કના ખાતા માંથી રૂપિયા ૯૯,૬૯૨/- મળી કુલ રૂપિયા ૨,૪૯,૧૮૪/- ઓનલાઇન ટ્રાંઝેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રાજેન્દ્ર મુરલીધર ભટારે (ઉ.વ.૪૧) (રહે. ગુજરાત હાઉસાંગ બોર્ડ કૃષ્ણનગર) એ તા.૧૩/૦૮/૨૦૨૦ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૮૬૩૮૨૮૧૭૪૨ ના ધારકે તા.૧૯/૦૬/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઓએલએક્સ એપ્લીકેશન ઉપર કુલર વેચવા માટે મુકતા રાજેન્દ્ર ભટારે એ ખરીદ કરવા મોબાઇલ નંબર પર સંપર્ક કરી રૂપિયા ૫૦૦૦/- મા ખરીદ કરવાનુ નક્કી કરી વોટ્સ એપ પર QR સ્કેન કરી રૂપિયા ૫૦૦૦/- ચુકવતા બીજા રૂપિયા ૧૦,૦૦૦/- ટ્રાનસફર કરાવી કુલ રૂપિયા ૧૫,૦૦૦/- ખાતા માંથી ટ્રાન્ફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૬૯/૨૦૨૦**

નવરંગપુરાઃ ભારતીબહેન હર્ષદભાઇ શાહ (ઉ.વ.૬૧) (રહે. નિરજા ફ્લેટ્સ નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ નવરંગપુરા) તા.૧૩/૦૮/૨૦૨૦ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાસે જૈન દેરાસર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભારતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભારતીબહેન શાહે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૦/૨૦૨૦**

**અમરાઇવાડીઃ** અમરાઇવાડી રબારી કોલોની છોટાલાલની ચાલી આકાશગંગાનગર ખાતે રહેતા મુકેશભાઇ સોમાભાઇ રાઠોડની પુત્રી (૧) ધ્રુવી (ઉ.વ.૦૮) અને (૨) માહી (ઉ.વ.૦૭) તા.૧૩/૦૮/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ટેબલ પંખો ચાલુ કરી રમતી હતી ત્યારે બન્નેને વિજ કરંટ લાગતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન બન્નેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી